eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 157
August 22, 2008

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા)માં વરાછા વોટર વર્કસની સામે ટી.પી. સ્કીમ નં. ૨૦ (નાના વરાછા–કપોદ્રા) ફા. પ્લોટ નં. ૫૪માં આવેલ કલ્યાણકારી સોસાયટીના એક મિલ્કતદાર ધ્વારા ૩૦.૦ મીટરના કેનાલ રોડ તરફે ગ્રા.ફલોર પર પાર્કીંગ સ્પેસની જગયામાં શટર બેસાડી દુકાન શરૂ કરતા  શટર દુર કરી પાર્કીંગની જગ્યા ખુલ્લી કરવામાં આવ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ટીબીનાં નિદાન અર્થે પ્રાઈવેટ ડોકટરો / સંસ્થાઓ ખાતે પણ વિના મૂલ્યે સુવિધા

સુરત મહાનગરપાલિકા હસ્તકના તમામ  અર્બન હેલ્થ સેન્ટરો, મેડીકલ  કોલેજ ખાતે ટીબીનાં નિદાન તથા ડોટસ સારવારની વિનામૂલ્યે  સુવિધાઓ સને ૨૦૦૦ થી કરવામાં આવેલ છે. જે મુજબ  વધુને વધુ ટીબીનાં દર્દીઓ  આ સેવાનો લાભ લઈ રહયા છે. તેમ છતા સુરત શહેરમાં  ઘણા પ્રાઈવેટ પ્રેકટીશનરો  તથા સંસ્થાઓ પણ તેમનાં દર્દીઓને ટીબીની સારવાર/ નિદાન વિના મૂલ્યે  કરાવી શકે તે હેતુથી સુરતની ઘણી લેબોરેટરીઓ તથા સંસ્થાઓ ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા આવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્વાતંત્ર્યદિનની ઉજવણી

ભારતના રાષ્ટ્રીય પર્વ એવા સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે તા. ૧૫.૦૮.૨૦૦૮ ના રોજ સવારે ૯.૩૦ કલાકે દાણાપીઠ રોડ, બેગમપુરા, સુરત ખાતે પરેડની સલામી ઝીલ્યા બાદ મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદ્ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મા. મેયરશ્રીએ સૌ નગરજનો, નગરસેવકોને તેમજ અધિકારી–કર્મચારી ભાઈ બહેનોને આવકાર આપતા જણાવ્યું હતું કે આપણા અસંખ્ય રાષ્ટ્રીય પુરૂષના અથાગ પરિશ્રમ, દેશદાઝ, અને શહીદોને આભારી છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૯ વાડીફળિયા કાળા શ્રીપતની પોલ ચૌટાબજારમાં આવેલ શ્રીપદ એપાર્ટમેન્ટના રહીશો (૧) શ્રી મેધકુમાર હીરાલાલ શ્રોફ (૨) યતિસભાઈ વિમલચંદ્ર રાઠોડ (૩) હસમુખલાલગેનમલ માધાણી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાંસ્કૃતિક વિભાગ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૯–૦૭–૦૮ના મુલતવી રાખવામાં આવેલ વર્ષાગીત  સ્પર્ધા તા. ૨૬–૦૮–૨૦૦૮ ને મંગળવારે સવારે ૯.૦૦કલાકે ચં.ચી. મહેતા નાટયગૃહ(રંગઉપવન), ચોક બજાર, સુરત ખાતે યોજાવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી

**પૂર્વ ઝોન (વરાછા) માં ટી.પી. ૨૦.૩૮માં શટર દુર કરી જગ્યા/ પાર્કીંગ ખુલ્લી કરવા બાબત.**

(૧) સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા)માં વરાછા વોટર વર્કસની સામે ટી.પી. સ્કીમ નં. ૨૦ (નાના વરાછા–કપોદ્રા) ફા. પ્લોટ નં. ૫૪માં આવેલ કલ્યાણકારી સોસાયટીના એક મિલ્કતદાર ધ્વારા ૩૦.૦ મીટરના કેનાલ રોડ તરફે ગ્રા.ફલોર પર પાર્કીંગ સ્પેસની જગયામાં શટર બેસાડી દુકાન શરૂ કરતા શટર દુર કરી પાર્કીંગની જગ્યા ખુલ્લી કરવામાં આવ છે.

(૨) ટી.પી. સ્કીમ નં. ૩૮ (નાના વરાછા), ફા. પ્લોટ નં. ૨૯ માં ભગુનગર સોસાયટી આવેલ છે. આ સોસાયટીના ૩ (ત્રણ) મિલ્કતદારો ધ્વારા ૪૫.૦ મીટરના ટી.પી. રસ્તા તરફે ગ્રા. ફલોર પર રહેઠાણ ના બદલે શટર બેસાડી દુકાન શરૂ કરવાની પેરવી કરતા ૩(ત્રણ) દુકાનો ના શટર દુર કરી જગયા ખુલ્લી કરવામાં આવેલ છે.

(૩) સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન (વરાછા) માં ટી.પી.સ્કીમ નં.૨૦ (નાના વરાછા, કાપોદ્રા) ફા.પ્લોટ નં.૮૬માં આવેલ ક્રિષ્ના ઈન્ડ્.એટેસ્ટના સબ પ્લોટ નં.૩૭,૩૮ ના મિલકતદારો શ્રી અરજણભાઈ પરષોતમભાઈ ભાથાણી ધ્વારા હયાત ગ્રાઉન્ડ ફલોર તથા પ્રથમ માળની ઉપર આશરે ૮૦ × ૬૦ માપ વિસ્તારમાં બીજા માળનું ગેરકાયદેસર બાંધકામ શરૂ કરેલ. જેમાં આર.સી.સી.કોલમ ભરી, સ્લેબ ભરવાના ઈરાદે સેન્ટરીંગ, સટરીંગ દૂર કરવાનું શરૂ કરતાં મિલ્કતદારે જાતે ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાનું શરૂ કરેલ. પૂર્વઝોન ધ્વારા સ્થળેથી સેટરીંગ તથા સળિયા કાપવાનું કટર મશીન જપ્ત કરેલ છે. તેમજ ડીમોલેશન ચાર્જ પેટે રૂા.૫૦૦૦/– જમા લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી પૂર્વઝોનના દબાણ ખાતાના સ્ટાફની મદદથી પાર પાડવામાં આવે છે.

TOP

## ટીબીનાં નિદાન અર્થે પ્રાઈવેટ ડોકટરો / સંસ્થાઓ ખાતે પણ વિના મૂલ્યે સુવિધા

સુરત મહાનગરપાલિકા હસ્તકના તમામ અર્બન હેલ્થ સેન્ટરો, મેડીકલ કોલેજ ખાતે ટીબીનાં નિદાન તથા ડોટસ સારવારની વિનામૂલ્યે સુવિધાઓ સને ૨૦૦૦ થી કરવામાં આવેલ છે. જે મુજબ વધુને વધુ ટીબીનાં દર્દીઓ આ સેવાનો લાભ લઈ રહયા છે. તેમ છતા સુરત શહેરમાં ઘણા પ્રાઈવેટ પ્રેકટીશનરો તથા સંસ્થાઓ પણ તેમનાં દર્દીઓને ટીબીની સારવાર/ નિદાન વિના મૂલ્યે કરાવી શકે તે હેતુથી સુરતની ઘણી લેબોરેટરીઓ તથા સંસ્થાઓ ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા આવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જે મુજબ દરેક વિસ્તાર પ્રમાણે આ સેવાઓ ખાનગી લેબોરેટરી અથવા સંસ્થાઓની જરૂરી તાલીમ તથા અન્ય વ્યવસ્થા સુમનપા ધ્વારા કરાવવામાં આવી છે. જેની માહિતી મુજબ(૧) અમરોલી ખાતે આકાશ લેબોરેટરી (૨) વરાછા રોડ ખાતે જી જી ચોક ખાતે ઝડફીયા મેડીકલ સેન્ટર–હીરાબાગ (૩) વેડરોડ ખાતે ડી બી તેજાણી મેડીકલ સેન્ટર, ડભોલી રોડ(૪) યોગી ચોક ખાતે સમર્પણ હોસ્પિટલ (૫) પરવત ખાતે યુનિક લેબોરેટરી તથા (૬) ઉધના ખાતે ઉધના– સંઘ આરોગ્ય ધામ (૭) અડાજણ ખાતે ક્રિષ્ના મીલીંદ લેબોરેટરી– આનંદ મહલરોડ ખાતે સદર તમામ સુવિધાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવેલી છે. જે મુજબ તમામ નાગરીકોને અપીલ કરવામાં આવે છે કે જેમને ત્રણ અઠવાડિયાથી વધુ સમયથી ખાંસી આવતી હોય તેમની ત્રણ ગળફા ની તપાસ ધ્વારા વિના મૂલ્યે રીપોર્ટ કરાવી લે તથા જેમને ટીબી હોવાનું જણાય તો ફકત ' ડોટસ' સારવાર જ લેવા જણાવાય છે.

તમામ પ્રાઈવેટ પ્રેકટીશનરોને પણ અપીલ કરવામાં આવે છે આવા કોઈ દર્દી હોય તો વિના મૂલ્યે સેવાનો લાભ તેમનાં દર્દીઓને પણ અપાવે.

TOP

## સ્વાતંત્ર્યદિનની ઉજવણી

ભારતના રાષ્ટ્રીય પર્વ એવા સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે તા. ૧૫.૦૮.૨૦૦૮ ના રોજ સવારે ૯.૩૦ કલાકે દાણાપીઠ રોડ, બેગમપુરા, સુરત ખાતે પરેડની સલામી ઝીલ્યા બાદ મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદ્ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મા. મેયરશ્રીએ સૌ નગરજનો, નગરસેવકોને તેમજ અધિકારી–કર્મચારી ભાઈ બહેનોને આવકાર આપતા જણાવ્યું હતું કે આપણા અસંખ્ય રાષ્ટ્રીય પુરૂષના અથાગ પરિશ્રમ, દેશદાઝ, અને શહીદોને આભારી છે. કાશ્મીરનો પ્રશ્નનો સર્વપક્ષીય સમંતિ દ્વારા ઉકેલ લાવવો દેશના હિતમાં છે. શહેરના નાગરિકોની જાગૃતિને કારણે ત્રાસવાદીઓની મેલી મુરાદ પાર પડી નથી. ત્રાસવાદ સામેના જંગમાં સૌના સાથની અપીલ કરી હતી. સુરત શહેરને સ્વચ્છતા તથા સૌથી વધુ કરવેરા ભરતા શહેરનું બિરૂદ મળેલ છે. ભારતભરમાં સૌથી વધુ યુવાધન સુરત શહેરમાં હોવાથી વિકાસ પ્રક્રિયાને વેગ મળશે. અસંખ્ય કુદરતી તેમજ માનવ સર્જીત આફતો વચ્ચે આપણે નર્મદના વારસ હોવાથી ટકી રહયા છીએ. સુરત મહાનગર પાલિકા પ્રાથમિક જરૂરિયાતોની સાથોસાથ પબ્લીક ટ્રાન્સપોર્ટ, ખચતક, ફલાય ઓવર બ્રીજ, ઉચ્ચશિક્ષણ, ઉદ્યાનો તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વૃક્ષારોપણ દ્વારા ગ્રીનબેલ્ટ તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા ઈકોફ્રેન્ડલી વાતાવરણ સર્જવા કટીબધ્ધ છે. ૨૦૦૮ના ઓલિમ્પિકમાં પહેલીવાર સુવર્ણ ચંદ્રક જીતવા બદલ શ્રી અભિનવ બિન્દ્રાને તમામ નગરજનોવતી અભિનંદન પાઠવ્યા હતા. અંતમાં ગુજરાત સ્થાપનાદિનના ૫૦ વર્ષ પૂર્ણ થતા યોજાનાર ''સ્વર્ણિમ ગુજરાત'' કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લેવા અપીલ કરી હતી.

આ પ્રસંગે વિશિષ્ટ પ્રકારની પ્રશંસનીય કામગીરી હાંસલ કરનાર મહાનગરપાલિકાના જુદા જુદા પ્રોજેકટો, સેવાઓમાં બહુમુલ્ય પ્રદાન આપી, રાષ્ટ્રીય સ્તરે સુરત મહાનગરપાલિકાને ગૌરવ અપાવનાર હેડ વોટર વર્કસ, આઈ.એસ.ડી., ટાઉન પ્લાનીંગ, શહેર વિકાસ, હિસાબી ખાતું, મહેકમ, તથા તમામ ઝોનની સરખામણીમાં સૌથી વધુ વેરા વસૂલાતમાં અઠવા ઝોન, સ્ટોક અને એસેટ વેરીફીકેશન જેવી કામગીરી બદલ ઓડીટ વિભાગ, અમરેલી ખાતે સાફ–સફાઈની કામગીરીમાં મહત્વનું યોગદાન આપનાર જુદા જુદા ઝોનની આરોગ્ય એન્જીનીયરીંગની ૪ ટીમો, જાહેર સલામતી અને સુરક્ષમાં સતર્કતા દાખવનાર ફાયર, વોચ એન્ડ વોર્ડ મળી ૧૫ ટીમોને પ્રશંસાપત્ર અને ટ્રોફી ઉપરાંત વિવિધ ખાતા, ન.પ્રા.શિ.સમિતિ અને સુમનશાળાના શિક્ષકો તથા તમામ ઝોનના ૧૪ સફાઈ કામદમર મળી ૨૬ કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ વિશિષ્ટ પ્રકારની કામગીરી બદલ પ્રશંસાપત્ર અને રોકડ પુરસ્કાર તથા માર્ચ–૨૦૦૮માં લેવાયેલ ધો.૧૦ અને ૧૨ની પરીક્ષામાં સુરત શહેરમાં પ્રથમ દસ ક્રમમાં (ટોપટેનમાં) સ્થાન મેળવનાર ૪૩, સુમન શાળાનં. ૧ થી ૯માં પ્રથમ ત્રણ ક્રમના વિદ્યાર્થીઓને મા. મેયરશ્રીના વરદ્ હસ્તે ટ્રોફી એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. આ ઉપરાંત મહાનગરપાલિકા કર્મચારીઓના ધો.૧૦ અને ૧૨માં સૌથી વધુ ગુણ મેળવાના બાળકોને રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે નૃત્યમ નર્તમ અકાદમી, ટી.એન્ડ ટી.વી.શાળા, મહિધરપુરા અર્બન, પ્રગતિ વિદ્યાલય, ન.પ્રા.શાળા નં–૬૨, ભ.લ.જરીવાલા પ્રા.સ્કૂલ, અંબાબા હરિપરા ગર્લ્સ સ્કૂલ, કે.એલ.એસ.ખાંડવાલા પ્રા.સ્કૂલ તથા સુમન હાઈસ્કૂલ નં. ૧ દ્વારા દેશભકિત ગીત આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત સ્ત્રી ભૃણ હત્યા વિરોધી ''જરા થોભો'' નાટ્યકૃતિ રજુ કરી મહાનુભાવો તેમજ વિશાળ જનમેદનીના મનમોહી લીધા હતાં.

આ ધ્વજવંદન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ નિમિત્તે મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતા ડૉ. જગદીશભાઈ પટેલ, મ્યુ.કમિશનર કુ. એસ. અપર્ણા, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા તેમજ વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, મ્યુ. સભ્યશ્રીઓ, વિદ્યાર્થીઓ, નગરજનો મોટી સંખ્યામાં હાજર રહી સ્વાતંત્ર્યદિનની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે સાંજે ૭.૦૦ કલાકે ડકકા ઓવારા, મકકાઈ પુલ, સુરત ખાતે રાખેલ ભવ્ય આતશબાજી કાર્યક્રમ તથા મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે કરવામાં આવેલ રોશનીનો શહેરીજનોએ લ્હાવો લીધો હતો.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૯ વાડીફળિયા કાળા શ્રીપતની પોલ ચૌટાબજારમાં આવેલ શ્રીપદ એપાર્ટમેન્ટના રહીશો (૧) શ્રી મેઘકુમાર હીરાલાલ શ્રોફ (૨) યતિસભાઈ વિમલચંદ્ર રાઠોડ (૩) હસમુખલાલગેનમલ માધાણી (૪) પારસવભાઈ ગાંવચંદૂભાઈ સાંગલેશ (૫) મહેન્દ્રભાઈ હીરાલાલ શાહ તેમજ વાડીળીયા સ્ટોરશેરીમાં આવેલ રાજ જયોત એપાર્ટ.ના રહીશ (૧) પરસોતમભાઈ શંકરદાસ (૨) પ્રમોદભાઈ જુગલકિશોર જૈન (૩) મુકુંદ ભાઈ જશવંતલાલ મેવાવાલા સરીયામ રસ્તા ઉપર કચરો નાંખતા / નંખાવતા માલમ પડયા હતા. જેથી તેઓ સામે બી.પી.એમ.સી.એકટ મુજબ મે.જયુ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં (મ્યુનિ.) ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. મે.જયુ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની (મ્યુનિ.) એ તમામ આરોપીઓને તકસીરવાર ઠેરવી તેઓને દંડ કરવામાં આવ્યો હતો. આરોગ્ય નિરીક્ષક શ્રી એમ.ઈકબાલ શેખ તથા મદદનીશ આરોગ્ય નિરીક્ષક શ્રી વિજય કે. પંડયાએ કરેલ કાર્યવાહીને આધારે પ્રોસી.સેનેટરી ઈન્સ્પેકટર શ્રી એસ.સી.પારેખએ કોર્ટમાં ફરીયાદ દાખલ કરી હતી.

TOP

## સાંસ્કૃતિક વિભાગ

સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૯–૦૭–૦૮ના મુલતવી રાખવામાં આવેલ વર્ષાગીત  સ્પર્ધા તા. ૨૬–૦૮–૨૦૦૮ ને મંગળવારે સવારે ૯.૦૦કલાકે ચં.ચી. મહેતા નાટયગૃહ(રંગઉપવન), ચોક બજાર, સુરત ખાતે યોજાવામાં આવેલ છે. જેમાં ભાગ લેનાર  તમામ સ્પર્ધકો, શાળાઓએ ઉપસ્થિત રહેવા નોંધ  લેવી તેમજ જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.